ગાંધીનગર સમાચાર

ઝેવિયર્સ પાસે લીકેજ વાલ્વથી હજ્જારો લીટર પાણીનો વ્યય

# દિવાળીમાં અઢી કરોડના પસ્તી-ભંગારનો નિકાલ

## પેપર-પસ્તી, પુસ્તકો, સામયિકો ઉપરાંત પ્લાસ્ટિક, રમકડાં, લોખંડ-એલ્યુમિનિયમ, દૂધની થેલીઓ, તેલના ખાલી ડબ્બા, કેરબા, નકામા કિબોર્ડ, માઉસ, તુટેલા ફર્નિચર વગેરેનો અધધ... વેપાર થયો : પસ્તી ભંગારના વેપારીઓની દિવાળી સુધરી ગઈ

ગાંધીનગર, તા.૮

દિવાળી એટલે ઘર, ઓફિસ, દુકાન વગેરેની સાફ સફાઈ કરી, નક્કામી ચીજવસ્તુઓ, તુટેલુ-ફુટેલું બિનજરૂરી તથા જુના અખબારો, સામયિકો વગેરેની પસ્તીનો નિકાલ કરવો. આપણને જે સામાન્ય રીતે નકામું અને બિનજરૂરી લાગે છે તેવા પસ્તી ભંગારનો પણ ખૂબ મોટો કારોબાર છે. આ દિવાળીએ ગાંધીનગર શહેરમાં નાગરિકોએ આશરે રૂપિયા અઢી કરોડના પસ્તી-ભંગારનો નિકાલ કર્યો હતો. આ કારણે શહેરના પસ્તી-ભંગારના વેપારીઓની દિવાળી સુધરી જવા પામી છે.

નવરાત્રિ બાદ તુરંત જ શહેરીજનો ખાસ કરીને ગૃહિણીઓ ઘરની સાફ સફાઈ હાથ ધરી દે છે. કારણકે દરેક ગૃહિણી દિવાળીમાં પોતાનું ઘર સાફ સુથરું અને સુંદર રીતે સજાવેલું રાખવા માંગે છે જેથી મહેમાનો ઘરે આવે ત્યારે તે જોઈને પ્રભાવિત થાય. વળી, દિવાળીના બહાને ઘરમાંથી નક્કામી, બિનજરૂરી ચીજવસ્તુઓ તથા નડતરરૂપ ભંગારનો નિકાલ થઈ જાય છે. આ બધી નક્કામી-ભંગાર તથા પસ્તી નજીકના પસ્તી-ભંગારવાળાને અથવા ઘરે ઘરે ઉઘરાવવા આવતા પસ્તી-ભંગારની લારીઓવાળાને વેચી દેવામાં આવે છે. આજ રીત દુકાનો તથા ઓફિસોમાં પણ દિવાળીની સાફસફાઈ હાથ ધરાય છે અને પસ્તી ભંગારનો નિકાલ કરવામાં આવે છે. આમ પહેલી નજરે નક્કામી ભંગાર લાગતી ચીજવસ્તુઓનો ખૂબ મોટો કારોબાર ચાલે છે અને હવે તો તેના પણ 'ઓનલાઈન' વેપારીઓ મોજુદ છે જેઓ હોમ સર્વિસ આપી પસ્તી-ભંગાર 'કલેકટ' કરી જાય છે અને બદલામાં રોકડા નાણાં આપી જાય છે. દિવાળીમાં અખબારો, સામયિકો, પુસ્તકો વગેરેની પસ્તી ઉપરાંત પ્લાસ્ટિક અને લોખંડ, એલ્યુમિનિયમ ભંગાર, તેલના ડબ્બા, કેરબા, દૂધની થેલીઓ, તુટેલા ફર્નિચર, પૂંઠા, ખાલી બોકસ, રમકડાં, ઈલેકટ્રોનિકસ તથા કોમ્પ્યુટરને લગતી ચીજવસ્તુઓના ભંગાર સહિત અનેક પ્રકારનો ભંગાર એકઠો થતો હોય છે જેને શહેરના પસ્તી-ભંગારના વેપારીઓ ખરીદે છે.

ગાંધીનગરમાં નાના-મોટા આશરે સોથી પણ વધુ પસ્તી-ભંગારના વેપારીઓ છે. પાટનગર હોવાથી શહેરમાં સરકારી તથા અર્ધસરકારી કાર્યાલયો મોટી સંખ્યામાં છે જયાં પસ્તીનો જથ્થો ખૂબ મોટો પેદા થતો હોય છે વળી હવે 'યુઝ એન્ડ થ્રો' ચીજવસ્તુઓનો વપરાશ વધ્યો હોવાથી પણ પ્લાસ્ટિકની નક્કામી વપરાયેલી ચીજવસ્તુઓનો ભંગાર પણ મોટો થાય છે. શહેરમાં દિવાળીના દિવસોમાં શહેરીજનોએ જે પસ્તી ભંગારનો નિકાલ કર્યો તેના બદલામાં પસ્તી ભંગારવાળા વેપારીઓએ આશરે રૂ. અઢી કરોડ ચુકવ્યા હતા. આ વેપારીઓ એકઠાં કરેલ પસ્તી ભંગારનું શોર્ટીંગ કરી તેને હોલસેલ વેપારી અથવા રી-પ્રોસેસીંગ કરતા કારખાનાઓમાં વેચીને અંદાજે ૨૫ થી ૩૫ ટકા જેટલા માર્જીનની કમાણી કરી લેતા હોય છે. શહેરના 'ઈશ્વરભાઈ પસ્તીવાળા'ના નામથી ઓળખાતા એક વેપારીએ જણાવ્યું હતું કે પસ્તી ભંગારના શોર્ટીંગ કરતા કયારેક કોઈ કિંમતી ચીજવસ્તુ કે ધાતુ પણ મળી જતી હોય છે જો કે ઘરેણાં કે ગ્રાહકની ઉપયોગી ચીજવસ્તુ હોય તો અમે તેને શોધી પરત કરી દઈએ છીએ પરંતુ તેમણે જાણીને ભંગારમાં આપેલી ચીજવસ્તુ હોય તો અમે વધુ સારો નફો રળી શકીએ છીએ.

### ન્યુઝ પેપર પસ્તી રૂ. ૧૨ સુધીના ભાવે વેચાઈ

દિવાળીમાં ન્યુઝ પેપરની પસ્તી કિલોના રૂ. ૧૧ થી ૧૨ના ભાવે વેચાઈ હતી જયારે પ્લાસ્ટિક ભંગાર રૂ. ૮, દૂધની થેલીઓ રૂ. ૬, તેલના ડબ્બા રૂ.૨૦નો એક નંગ, પૂંઠા તથા અન્ય પુસ્તકો સહિતની પસ્તી રૂ. ૭ થી ૯ના ભાવે વેચાઈ હતી. આ ઉપરાંત અન્ય ચીજવસ્તુઓ ઉબલક ભાવે ગ્રાહક અને વેપારીની સહમતી અનુસાર વેચાતી હતી.



## @ગાંધીનગર

● ગુજરાત અલ્પ સંખ્યક નાણા વિકાસ નિગમના ચેરમેનની કચેરીનું લોકાર્પણ બ્લોક નં. ૧૧ બપોરે ૩ કલાકે કરવામાં આવશે.

### આંતરરાષ્ટ્રીય પુષ્ટી માર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને 'આશિષ-પત્ર'

ગાંધીનગર, તા.૮

આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા માર્ચ ૨૦૧૬માં લેવાયેલ ધો-૧૦ અને ધો-૧૨ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ પરિષદના સભ્યોના બાળકોને 'આશિષ પત્ર' પૂ.પા. ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજીના હસ્તે ગત તા. ૪-૧૧-૨૦૧૬ના રોજ હવેલી મંદિર, સે-૨૧ ખાતે 'વચનામૃત' કાર્યક્રમ બાદ આપવામાં આવ્યા હતા. જેમાં ધો-૧૦માં પ્રથમ ક્રમ મેળવનાર શાહ શૈવિ મનીષભાઈ, દ્વિતિય ક્રમે શાહ તુલસી મિતેષભાઈ જયારે તૃતીય ક્રમે શાહ ભાવન દિવ્યેશભાઈને 'આશિષ પત્ર' આપવામાં આવ્યું હતું. તેવી જ રીતે ધો-૧૨માં પ્રથમ ક્રમે પટેલ ગરીમા મેહુલભાઈ, દ્વિતિય ક્રમે શાહ ચાહત દિવ્યેશભાઈ જયારે તૃતીય ક્રમે મિત પિયુષભાઈને 'આશિષ પત્ર' એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં વૈષ્ણવ સમાજના ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

### શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિની ૧૦મીએ સે-૨૪માં બેઠક

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ અખબારી યાદીમાં જણાવે છે કે ડૉ. કૌશિક શાહ પ્રમુખશ્રી, ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના અધ્યક્ષસ્થાને વિસ્તૃત કારોબારી મીટીંગ તા. ૧૦મી નવેમ્બરના ગુરુવારના રોજ બે વાગે કબીર આશ્રમ, રંગમંચ સામે સે-૨૪, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. મીટીંગમાં આગેવાનશ્રીઓ, શહેર કોંગ્રેસ સમિતિના તમામ હોદેદારશ્રીઓ સેલના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, મહિલા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ., યુવા કોંગ્રેસ, વોર્ડ પ્રમુખશ્રીઓ અને કાર્યકર મિત્રોને હાજર રહેવા જણાવેલ છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં કેન્દ્રિયમંત્રી વૈંકેયા નાયડુ મહાત્મા મંદિર ખાતે પધાર્યા હતા. વૈંકેયા નાયડુના સ્વાગત માટે શહેરના દરેક સર્કલે લગાડાયેલા એલઈડી સ્ક્રીન પર તેમના તથા મુખ્યમંત્રી વિજય રૂપાણીના ફોટા સાથે 'વેલકમ' મેસેજ આખો દિવસ ડિસ્પ્લે કરાયા હતા.

● ગાંધીનગર સહિત સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પ્રતિભા શોધ સ્પર્ધા એનટીએસઈની પરીક્ષા ગત રવિવારે યોજાઈ હતી. આ પરીક્ષામાં પુછાયેલા સવાલોના જવાબો હાલ તેની વેબસાઈટ પર અપલોડ કરી દેવાયા છે જેથી સ્પર્ધકો જાતે જ તેને મેળવી પોતાના પરિણામ અંગે ગણતરી કરી શકે.

● દિવાળી પુરી થઈ ગઈ પરંતુ સમગ્ર શહેરમાં બેંકો, હોટલો તથા અન્ય સંસ્થાઓ વગેરેને રોશનીથી શણગારવામાં આવી હતી તે હજુ યથાવત જોવા મળી રહી છે. આ રોશનીનો ઝગમગાટ દેવદિવાળી સુધી ચાલુ રહેશે તેવું જણાય છે.

● શહેરમાં દેવ દિવાળી સુધી ફટાકડા ફોડવાનો ક્રેઝ વધી રહ્યો હોવાથી ઘણા ફટાકડાના વેપારીઓએ પોતાના સ્ટોલ તથા લારીઓ ચાલુ રાખી છે. જો કે દિવાળી પછી આ વેપારીઓ આ વર્ષના સ્ટોક આવતા વર્ષ સુધી સંઘરવો ના પડે તે હેતુથી ફટાકડાના ભાવમાં ૫૦ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ ઓફર કરી રહ્યા છે.

### ખાખરીયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજનો ૧૨મો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે


ગાંધીનગર, તા.૮

ખાખરીયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજ દ્વારા આયોજીત ૧૨મો સ્નેહમિલન સમારોહ તેમજ તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ આગામી તા. ૨૦-૧૧-૨૦૧૬ને રવિવારના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે સવારે ૮ થી ૧ કલાક દરમિયાન યોજાશે. આ પ્રસંગે સમાજના વિશિષ્ઠ વ્યકિતઓને પણ સન્માનવામાં આવનાર છે તો આ પ્રસંગે સમાજના તમામ પરિવારને પધારવા સંસ્થાના મહામંત્રીએ અનુરોધ કર્યો છે.

# ઝેવિયર્સ પાસે લીકેજ વાલ્વથી હજ્જારો લીટર પાણીનો વ્યય

## નર્મદા કેનાલથી પાઈપલાઈન મારફતે ગાંધીનગર પહોંચતા પાણીનો લીકેજ વાલ્વના કારણે વેડફાટ





ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરને પાણી પુરું પાડતી નર્મદા પાઈપલાઈનના વાલ્વમાં લીકેજ સર્જાતા હજ્જારો લીટર પાણી ગટરમાં વહી જાય છે. ચ-૩ સર્કલ પાસે ઝેવિયર્સ સ્કુલની દિવાલની નજીક આ લીકેજ થયું છે. મહામુલુ પાણી આ રીતે વેડફાઈ જતા રાહદારીઓ અફસોસ વ્યકત કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરને નર્મદા નહેરમાંથી પાઈપલાઈન મારફતે પાણી પુરું પાડવામાં આવે છે. કેટલાક કીલોમીટર દુરથી શુધ્ધ પાણી કેનાલ અને પાઈપલાઈન મારફતે વહાવડાવીને ઘર ઘર સુધી પહોંચાડવામાં આવે છે. પાટનગર ગાંધીનગરના દરેક ઘર સુધી પુરતી માત્રામાં શુધ્ધ પાણી મળી રહે તે માટે કરોડોના ખર્ચે નર્મદા કેનાલથી ગાંધીનગર સુધી પાઈપલાઈન નાંખવામાં આવી છે. આ પાઈપલાઈનમાં ઘણી જગ્યાએ વાલ્વ નાંખવામાં આવ્યા છે. આ વાલ્વ પૈકીના કેટલાય વાલ્વ લીકેજ થતાં હોવાથી પાણીનો વેટફાટ થાય છે. સેન્ટ ઝેવિયર્સ પાસે નર્મદા પાઈપલાઈનના વાલ્વમાં ભારે લીકેજ સર્જાયું છે. આ લીકેજના કારણે દરરોજ હજ્જારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. આ પાણી વહીને પાસે આવેલી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનમાં જઈ રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી આ લીકેજ સર્જાતા પાણીનો વ્યય થઈ રહ્યો છે. રાહદારીઓ અને વાહનચાલકોની ભારે અવરજવરવાળા આ માર્ગની પાસે આ રીતે પાણીનો વ્યય થતાં રાહદારીઓ જીવ બાળી રહ્યા છે. ખુબ જ કિંમતી એવા પાણીને આ રીતે ગટરમાં જતા રોકવું જોઈએ તેવી વસાહતીઓની રજુઆત છે. તાકીદે વાલ્વનું સમારકામ થાય તે અત્યંત જરુરી છે.

# બિલ્ડરે ફ્લેટના રૂપિયા લીધા પરંતુ આખો બ્લોક જ ના બનાવ્યો..!

## અડાલજ-ઝુંડાલ રોડ પર લક્ષ્મી બાલાજી સ્ટેટસના બિલ્ડરોએ આચરેલી છેતરપીંડી બદલ પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૮

જમીન અને મકાનોના ભાવ આસમાને હોવાથી છેલ્લા ઘણા સમયથી જમીન કૌભાંડ અને રેસીડેન્સીયલ-કોમર્શીયલ સ્કીમમાં કૌભાંડના કિસ્સાઓ ખુબ વધી ગયા છે. હજુ શુકન ગ્રુપના કૌભાંડમાં બિલ્ડરો સામે કોર્ટ કાર્યવાહી ચાલી રહી છે ત્યાં વધુ એક સ્કિમના બિલ્ડર પાર્ટનર સામે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો દાખલ થયો છે. અડાલજ-ઝુંડાલ રોડ પર લક્ષ્મી બાલાજી સ્ટેટસ સ્કીમના બિલ્ડરોએ ફ્લેટના રૂપિયા ગ્રાહક પાસેથી લીધા અને ત્યાર બાદ એક આખો બ્લોક જ બનાવ્યો નહી હોવાનું કૌભાંડ બહાર આવ્યુ છે. આ કૌભાંડને છુપાવવા અડાલજ પોલીસે રૂપિયાના જોર સામે ઝુકીને મિડીયાથી માહિતી છુપાવી હોવાનુ જાણવા મળ્યુ છે.

મળતી માહિતી મુજબ અડાલજ-ઝુંડાલ રોડ પર સિંધુ ભવન નજીક લક્ષ્મી બાલાજી સ્ટેટસ નામની રેસીડેન્સીયલ સ્કીમ આવેલી છે. આ સ્કીમના બિલ્ડરોએ બ્રોસરમાં ફલેટ માટેનો સી-બ્લોક દર્શાવ્યો હતો અને આ બ્લોકના ફ્લેટ પેટે ઘાટલોડીયાના ગ્રાહક સોનલબેન શૈલેષભાઈ પટેલ પાસેથી રૂ. ૯.૫૦ લાખ લીધા હતા. રૂપિયા લઈને પાકી પહોંચ પણ બિલ્ડરોએ આપી હતી પરંતુ સમય વિત્યા બાદ ગ્રાહકે સ્થળ પર જઈ તપાસ કરી તો આખી સ્કીમમાં સી-બ્લોક જ ના હોવાનું ધ્યાને આવ્યુ હતુ. આ મામલે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરવા બદલ સોનલબેને સ્કીમના ચાર બિલ્ડર પાર્ટનર્સ રાજ મહેર ચંદાણી, કિશોર નારણ મહેર ચંદાણી, અનિલ મહેર ચંદાણી અને નારણ મહેર ચંદાણી સામે ફરીયાદ આપતા પોલીસે થોડા દિવસ પહેલા ચારેય સામે આઈપીસી ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮ અને ૧૧૪ મુજબ ગુનો દાખલ કર્યો હતો. આરોપીઓ પૈકી એક બિલ્ડર કિશોર નારણ મહેર ચંદાણીની ધરપકડ પણ પોલીસે કરી હતી. જો કે અખબારોમાં સ્કીમના કૌભાંડના અહેવાલો પ્રસિદ્ધ થાય તો સ્કીમને મોટુ નુકશાન થાય તેમ હોવાથી મિડીયાથી પોલીસે માહિતી છુપાવી બિલ્ડર્સ પાસેથી તોડ કરી લીધા હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. નોંધવું રહેશે કે આ પ્રકારે ઘણા ગુનાઓમાં મિડીયામાં નહી આવે તેમ કહીને આરોપીઓ પાસેથી રૂપિયા ખંખેરી માહિતી પોલીસે છુપાવી હોવાના ઘણા કિસ્સાઓ અગાઉ પણ ધ્યાને આવેલા છે.

# ગુજરાત અલ્પ સંખ્યક નાણા વિકાસ નિગમના ચેરમેનની કચેરીનું આજે લોકાર્પણ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમના અધ્યક્ષ શ્રી સુફીસંત એમ.કે. ચિશ્તીની ઓફિસનું લોકાર્પણ આવતીકાલે તા. ૯મી નવેમ્બરના રોજ બપોરે ૩ કલાકે કરવામાં આવશે.

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૧ સ્થિત આ નવનિર્મિત ઓફીસના લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રી આત્મારામ પરમાર તથા મંત્રીશ્રી બાબુભાઈ બોખિરીયા વિશેષ ઉપસ્થિત રહેશે. અદ્યતન સાધનોથી સુસજ્જ આ કચેરીના લોકાર્પણ અવસરે અતિથિ વિશેષ તરીકે રાજ્યકક્ષાના મંત્રી શ્રી કેશાજી ચૌહાણ, વાઈસ ચેરમેન શ્રી ગનીભાઈ કુરેશી, અગ્ર સચિવ શ્રી કમલ દયાની, અધિક સચિવ શ્રી કે.જી. વણઝારા, મેનેજીંગ ડીરેકટર એસ.એન. ગામીત તેમજ વિવિધ નિગમોના ચેરમેનશ્રીઓ અને મેનેજીંગ ડીરેકટરશ્રીઓ ઉપસ્થિત રહી પ્રસંગને દિપાવશે.





જલારામ બાપાની જન્મજયંતિ પ્રસંગે ગાંધીનગર શહેરમાં આયોજિત શોભાયાત્રા સેકટર-૭ ખાતે પહોંચી ત્યારે સૌરાષ્ટ્ર લેઉઆ પાટીદાર સમાજ વાડી ખાતે ગુડાના ચેરમેન આશિષ દવે અને સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના પ્રમુખ કુંવરજીદાદાએ તેનું સ્વાગત કર્યું હતું.

# વૈષ્ણોદેવી સર્કલ નજીક હિટ એન્ડ રન : બાઈકચાલકનું મૃત્યુ

## રિંગરોડ પર બેફામ ગતિએ જતા અજાણ્યા વાહને ૩૮ વર્ષિય યુવાનનો જીવ લીધો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર - સરખેજ હાઈવે પર વૈષ્ણોદેવી સર્કલ નજીક આજે સવારનાં અરસામાં હિટ એન્ડ રન થતા ચકચાર મચી જવા પામી હતી. પલ્સર બાઈક લઈને નોકરીએ જઈ રહેલા ૩૮ વર્ષિય યુવાનને બેફામ ગતિએ જઈ રહેલા અજાણ્યા વાહને જબરદસ્ત ટક્કર મારતા યુવાનનું સ્થળ પર જ કરૂણ મોત નિપજ્યુ હતુ. બાઈકચાલકને મોતને ઘાટ ઉતારીને અજાણ્યો વાહન ચાલક વાહન લઈને ફરાર થઈ ગયો હતો. આ મામલે મૃતકનાં ભાઈની ફરિયાદને આધારે અડાલજ પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર નજીક સુઘડ ગામની સિમમાં આવેલી પાર્શ્વનાથ, એટલાન્ટીકા પાર્ક ખાતે રહેતો ૩૮ વર્ષિય યુવાન વિશાલ બિદેશ્વરીપ્રસાદ યાદવ એસ.જી હાઈવે પરની એક હોટેલમાં ઈન્કમટેક્ષના ડેટાને લગતી કામગીરી કરતો હતો. આજે સવારે સાડા નવ વાગ્યાનાં અરસામાં વિશાલ તેનું પલ્સર બાઈક નં.જીજે ૧૮ સીબી ૦૯૫૭ લઈને હોટલ તરફ નોકરી કરવા જઈ રહ્યો હતો. વૈષ્ણોદેવી સર્કલ નજીક રિંગરોડ પર બાલાજી વિન્ડ પાર્ક સામે તેના બાઈકને અજાણ્યા વાહને જબરદસ્ત ટક્કર મારી હતી અને ત્યાંથી વાહન સાથે પળવારમાં જ આરોપી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વિશાલનું સ્થળ પર જ પ્રાણપંખેરુ ઉડી ગયુ હતુ. યુવાનનો મૃતદેહ પીએમ માટે મોકલી અડાલજ પોલીસે મૃતકનાં ભાઈ શક્તિકુમારની ફરિયાદને આધારે અજાણ્યા વાહનચાલક સામે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. પોલીસે સીસીટીવી કેમેરા તપાસી આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

# મુંગા જન્મેલા પૌત્રને સાજો કરવા જતા 'બા' એ ઘરેણાં ગુમાવ્યા

## કિન્નરનાં સ્વાંગમાં આવેલા બે શખ્સોએ કોબામાં સાસુ-વહુને વિશ્વાસમાં લઇ દુઃખ જાણ્યુ: વિધિનાં બહાને ઘરેણાં ઉતરાવી રૂ.૧.૦૧ લાખની મત્તા સાથે બંને રફ્ફુચક્કર

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક કોબા-અંબાપુર રોડ પર આવેલી સોસાયટીમાં કિન્નરોનાં સ્વાંગમાં ઘુસેલા બે શખ્સો આશિર્વાદ આપવાનાં બહાને ઘરમાં ઘુસ્યા હતા. સાસુ-વહુને વિશ્વાસમાં લઈને ઘરમાં શુ દુઃખ છે? તે જાણ્યુ. બા એ કહ્યુ કે મારા દિકરાનો ચાર વર્ષનો દિકરો જન્મથી જ બોલી શક્તો નથી. અગરબત્તિ મંગાવીને વિધિ કરવાનું કહી સાસુ-વહુએ પહેરેલા દાગીના કઢાવી કિન્નરનાં સ્વાંગમાં આવેલા શખ્સો "વિધિ માટે બહાર જઈને બે કલાકમાં આવીએ, ત્યાં સુધીમાં દિકરો બોલતો થઈ જશે" તેમ કહીને ગયા હતા. દિકરો પણ બોલતો ન થયો અને કલાકો બાદ હજુ સુધી તે શખ્સો પરત ફર્યા નથી. લાચાર 'બા' ની શ્રધ્ધા પર પાણી ફેરવી બંને શખ્સો રફ્ફુચક્કર થઈ ગયા હતા. આ મામલે વહુની ફરિયાદને આધારે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

કોબા-અંબાપુર રોડ પર કોબા ગામની સિમમાં સ્થિત મહાવિર હિલ્સ, પાંડવવાડી સોસાયટીમાં રહેતા લલીતભાઈ પટેલ જનરલ સ્ટોર ચલાવે છે. ગઈ કાલે લલીતભાઈ સવારે તેમની દુકાને ગયા હતા ત્યારે ઘરમાં તેમની પત્ની પાયલ, માતા કૈલાશબેન, બહેન સોનલબેન તથા બે બાળકો હાજર હતા. તે અરસામાં કિન્નરનાં વેશમાં બે શખ્સો તેમના ઘરે આવ્યા અને દક્ષિણા આપવા કહ્યુ. બા કૈલાશબેને દશેક રૂપિયા કાઢીને આપ્યા એટલે બંને શખ્સો ઘરમાં નાના બાળકોને આશિર્વાદ આપવાનાં બહાને આવ્યા અને પાણી માંગ્યુ હતુ. બા કૈલાશબેને તેમના મનમાં સતત ખુંચતી એક દુઃખની વાત કિન્નરોને કરી. વાત એ હતી કે તેમના મોટા દિકરાનો દિકરો ચાર વર્ષનો થયો પણ હજુ બોલી શક્તો નથી. પૌત્ર સાજો થઈ જાય તે આશાએ આ વાત બા એ કરી અને તેનો ગેરલાભ લેવા તે બંને શખ્સોએ તુરંત જ પ્લાન ઘડી નાંખ્યો. ચા બનાવવાનું સોનલબેનને કહીને તેમને રસોડામાં મોકલ્યા...સાસુ–વહુ આ દુઃખનાં ઈલાજ સાંભળવા તે બંને શખ્સોની પાસે આવીને બેસી ગયા..! અગરબત્તી મંગાવીને વિધિ કરવાની તુત શરુ કર્યુ. તે શખ્સોનાં વિશ્વાસમાં આવી ગયેલા સાસુ-વહુ જેમ તે કહેતા તેમ કરવા લાગ્યા...! બા એ પહેરેલી સોનાની કંઠી, સોનાની વિંટી, અને ત્યાર બાદ વહુ પાયલે પહેરેલી સોનાની ચેઈન, સોનાની વિંટી અને એક ડાયમંડની વિંટી ઉતરાવી લીધી હતી. ત્યાર બાદ રૂપિયા માંગતા ત્રણ હજાર રૂપિયા પણ પાયલે કાઢીને આપ્યા. આ બધુ મળીને રૂ.૧.૦૧ લાખની મત્તાનો સામાન ભેગો કર્યો અને બંને શખ્સોએ કહ્યુ કે અમે એક વિધિ કરીને બે કલાકમાં આવીએ છીએ, ત્યા સુધીમાં બાળક બોલતો થઈ જશે. સાસુ-વહુ ચાર વર્ષનાં બાળકને લઈને તે બોલતો થઈ જશે તે આશાએ બેસી ગયા હતા. બે કલાક થયા...ચાર કલાક થયા પણ બાળક બોલતો ન થયો અને દાગીના અને રોકડા રૂપિયા લઈને વિધિ કરવા ગયેલા તે બંને શખ્સો પણ પરત ન આવ્યા. પછી અંદાજ આવી ગયો કે કિન્નરનાં સ્વાંગમાં આવેલા તે બંને શખ્સો સાસુ-વહુને ચુનો લગાવી ગયા..!! આ મામલે પાયલ લલીતભાઈ પટેલની ફરિયાદને આધારે ઈન્ફોસીટી પોલીસે વિશ્વાતઘાત અને છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે. બે પૈકી એક શખ્સનાં ડાબા હાથે અંગ્રેજીમાં મહેશ અને બીજાનાં હાથનાં ખભે સ્ટાર ત્રોફાવેલુ હતુ. પોલીસે તે દિશામાં તપાસ કરીને આરોપીઓ સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

### ચિરવિદાય

● સ્વ. પૂંજાજી મોહનજી ઠાકોર, ઉ.વ. ૮૦